અરજી નં.૩૬૪ તા.૨૧–૨–૦૯

અરજદારઃ શ્રી અનિલ ડી. પુરોહીત
સામાવાળાઃ ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી ( (મધ્યાહન ભોજન યોજના)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનિલ ડી. પુરોહીતની તા.૯–૧–૦૯ ની અરજીથી મ્યુ.કમિશ્નર સાહેબ જે તારીખથી સુરતમાં હાજર થયા ત્યારથી આજદીન સુધીમાં મારી અરજીઓ આપના ખાતામાં પડેલ છે તેવી તમામ અરજીઓનો આપ સાહેબે શું વહીવટ કરેલ છે. જેની સંક્ષિપ્ત ધોરણે તમામ અરજીઓનો અલગ અલગ જવાબ આપવા અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૧–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૬૪/૨૦૦૮–૦૯

શ્રી અનિલ ડી. પુરોહીતની તા.૯–૧–૦૯ ની અરજીથી મ્યુ.કમિશ્નર સાહેબ જે તારીખથી સુરતમાં હાજર થયા ત્યારથી આજદીન સુધીમાં મારી અરજીઓ આપના ખાતામાં પડેલ છે તેવી તમામ અરજીઓનો આપ સાહેબે શું વહીવટ કરેલ છે. જેની સંક્ષિપ્ત ધોરણે તમામ અરજીઓનો અલગ અલગ જવાબ આપવા અંગે માહિતી આપવા બાબતે નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજનાના પત્ર નં.મભય/અમલ/આરટીઆઈ/ રજી.નં.૧/૦૯ આ.વ.નં.૫૪૫/૩ તા.૨૯–૧–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલ ેટ ઓફિસરને તા.૨૧–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલ અરજી સાથે અત્રે મળેલ વિગતો અનુસાર અરજદારે મુળ અરજી સ ેન્ટ્રલ ઝોન ખાતે તા.૯–૧–૦૯ ના રોજ કરેલ જે સેન્ટ્રલ ઝોન ધ્વારા ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટને તા.૧૫–૧–૦૯ ના રોજ તબદીલ થયેલ તથા આસી કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૯–૧–૦૯ ના રોજ નાયબ કલેકટર મધ્યાહન ભોજન તથા વીજીલન્સ ઓફિસરને તબદીલ કરેલ જણાયેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૮૨ તા.૭–૩–૦૯ થી નાયબ કલેકટર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી (મ.ભ.યો) અને વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને નં.મભય/આરટીઆઈ/અરજી૦૯ નાયબ કલેકટર મધ્યાહન ભોજન કચેરી/૬૮૮/૧,૨ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જેમાં અરજદારને નં.મભય/આરટીઆઈ/ માહિતી આઈ ડી.નં.૧૧૬૫ રજી . નં.૧/૦૯ આ.વ.નં.૫૨૯ તા.૧૯–૧–૦૯ થી અરજદારને પેન્ડીંગ અરજી બાબતે કરેલ રજુઆત અંગે વિષયવાર સ્પષ્ટ અરજી અલગ અલગ આપવા જણાવેલ છે.જેથી માહિતી કાઢીને આપી શકાય. અરજી અસ્પષ્ટ હોય માહિતી પૂરી પાડી શકાય તેમ નથી તેવું જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને જણાવેલ છે. જયારે વીજીલન્સ અધિકારી ધ્વારા તેમના પત્ર નં.વીઆઈડી/૧૪૬૦ તા.૨૧–૧–૦૯ થી નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજનાને પત્ર પાઠવી તા.૧૩–૩–૦૮ ની ગુજરાત તકેદારી આયોગ તરફથી આવેલ અરજીનો હવાલો આપી તેમના તા.૧૦–૪–૦૮ ના પત્રથી નાયબ કલેકટરને વિગતો મોકલી આપ્યાનું જણાવી અરજદારને તેની નકલો નિયમ અનુસાર આપવા સૂચિત કરતો પત્ર પાઠવેલ છે.

અરજદારની તા. ૯–૧–૦૯ ની અરજીથી "મ્યુ.કમિશ્નર સાહેબ જે તારીખથી સુરતમાં હાજર થયા ત્યારથી આજદીન સુધીમાં મારી અરજીઓ આપના ખાતામાં પડેલ છે તેવી તમામ અરજીઓનો આપ સાહેબે શું વહીવટ કરેલ છે. જેની સંક્ષિપ્ત ધોરણે તમામ અરજીઓનો અલગ અલગ જવાબ આપવા અંગે માહિતી" માંગેલ છે. પરંતુ અરજદારે એની સાથે કરેલ અરજીઓની કોઈ વિગતો કે નકલ રજુ કરેલ નથી. અપીલ અરજીમાં સુરત મહાનગરપાલિકાના મ્યુ. કચેરીના રૂમ નં.૭૫ માં કરેલ અરજીઓ મધ્યાહન ભોજન યોજના તથા વીજીલન્સ ખાતાને ટ્રાન્સફર કરેલ છે કાયદા અને નિયમની વિરુધ્ધમાં છે તેવી રજુઆત કરેલ છે. નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજના તરફથી અરજદારને નં.મભય/અમલ/આરટીઆઈ/ર.જી. નં.૧/૦૯ નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજના આ.નં.૫૪૫/૧ થી ૬ તા.૨૯–૧–૦૯ થી અરજદારને પત્ર પાઠવવામાં આવેલ છે. જેમાં માહિતીની માંગણી કયા સમયથી,કયા વિષયને લગતી છે તેનો કોઈ ઉલ્લેખ ન હોવાથી કયા રેકર્ડની નકલો આપવી તે સાબિત થતું નથી એટલેકે માહિતી અસ્પષ્ટ હોવાનું કારણ જણાવેલ છે. અરજદારે માંગેલ સંદિગ્ધ અને અસ્પષ્ટ માહિતીની વિગત જોતાં અરજદાર આગ્રહ રાખે છે તેમ જાહેર સત્તા મંડળ પાસે અનિશ્ચિત કે લાંબા સમય અવધિમાં આવેલ અરજીઓની વિગતો વિવિધ દફતરેથી શોધી માહિતી આપવાની કાર્યવાહી જાહેર સત્તા મંડળના નાણાંકીય સ્ત્રોતોને વિપરિત અસર કરે તે પ્રકારની કક્ષામાં આરટીઆઈ એકટની કલમ–૭(૯) હેઠળ આવે. જે જાહેર સત્તા મંડળના કાર્યક્ષમ સંચાલન અને ઉપલબ્ધ મર્યાદિત નાણાંકીય સંશોધનોના મહત્તમ ઉપયોગ સાથે સંઘર્ષમય બનાવે. જે કાયદાથી મુર્તિમંત થયેલ ભાવના સાથે સુસંગત જણાતું નથી.

## *હુકમ*

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદાને માહિતી આપવા ઈન્કાર કરેલ નથી. પરંતુ ચોકકસ વિગતો અને સમયગાળો દર્શાવવા સૂચિત કરી માહિતી આપવા તૈયારી દર્શાવેલ છે. તે ધ્યાને લેતાં અરજદારની સંદિગ્ધ અને અસ્પષ્ટ મુળ અરજીના સંદર્ભમાં કલમ–૭(૯) ની જોગવાઈ ધ્યાને લઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીને ચોકકસ વિગતો આપી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર માહિતી મોકલવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યાહન ભોજન યોજના ) અને વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ... જાણ તથા અમલ માટે

(૨) શ્રી અનીલ ડી. પુરોહિત,